પરથી પસાર થાય. ધીરજ ગુમાવ્યા વગર પ્રયત્નશીલ રહી કાર્ય કરશો તો અંતે કંઈક મેળવશો. દઢ પ્રારબ્ધના અનુસંધાનમાં પ્રવાસ કરશો. અહીં તમે દૂધ અને પાણીના ભેદને પ્રત્યક્ષ નિહાળશો. પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવાની વૃત્તિ જાગ્રત થશે. કૌટુંબિક મનદુ:ખના પ્રસંગો બને. તમે લાગણી અને વ્યવહારના સ્પષ્ટ ભેદને અસ્પષ્ટ બનાવશો. અહી તમે સમયને પારખવામાં ભૂલ કરશો તો લાભ મેળવવાથી દૂર રહી જશો. જીવનના વહેણને બદલવા માટેના તમારા પ્રયત્નો નિરર્થક નિવડતા જણાય.

તા. ૨૦-૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારી રાશિમાં આવશે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો લોઢાના પાયે ચાલશે. જે ખર્ચ નુકસાનના મિશ્ર યોગો બને. સામાજિક પ્રતિષ્ઠા અંગે ચિંતા રહે. નાણાં સંબંધી કાર્યોમાં ગૂંગળામણ અનુભવશો. સામાજિક જવાબદારી પ્રત્યે તમે બેદરકાર બનશો. આર્થિક-શારીરિક અનેક તકલીફોનો સામનો કરવો પડશે. અસામાજિક તત્વો તમને ગેરમાર્ગે દોરે. મહેનત-પરિશ્રમને અંતે થાક અને નિરાશા મેળવશો. આવકના ક્ષેત્રને વિશાળ બનાવવાની નિરર્થક કોશિષ કરશો. આંતરિક શારીરિક નાની-મોટી તકલીફો રહે. ધાર્મિક આડંબરો વધે. કૌટુંબિક મનદુ:ખના પ્રસંગો બને. ધાર્મિક પ્રવાસમાં તકલીફો આવે.

વર્ષારંભે રાહુ તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે ધંધો વ્યવસાયિક કાર્યોમાં અવરોધો-રૂકાવટો આવે. અહીં તમે સંગ્રહિત કર્મના ભોગવટાનો અનુભવ કરશો. વ્યવસાયિક અસ્થિરતાના યોગ બને. અંગત નજીકની વ્યકિત દ્વારા દગો કે છેતરપીંડી થવાના યોગ બને. સાહસિક કાર્યો કરી અપયશને મેળવશો. સામાજિક કાર્યકર્તાઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. શેર સટ્ટાકીય કાર્યોમાં અપયશના યોગ બને. કર્મથી છૂટવાના તમારા પ્રયાસ નિષ્ફળ નિવડતા જણાય.

વર્ષારંભે કેતુ તમાર ચોથા સુખભાવે રહે છે જે સ્થાવર મિલ્કત અંગેના પ્રશ્નોમાં અવરોધ-રૂકાવટો લાવે. વડિલવર્ગને શારીરિક તકલીફો રહે. નવીન સ્થાવર અંગેના કાર્યોમાં છેતરપીંડી થવાના યોગ બને. કાનૂની કાર્યોમાં સંભાળવું. ઉતાવળીયો કોઈ નિર્ણય આ સમયમાં લેવો યોગ્ય નથી. કાનૂની જવાબદારી તમારી ચારે બાજુ વિચિત્ર સમસ્યાનું સર્જન કરે. આરોગ્ય અંગેનીન કાળજી રાખવી.

તા. ૧૭-૮-૨૦૧૭થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે આવે. જે તમને ધર્મથી વિમુખ બનાવે. તમે ધાર્મિક આડંબરો કરો. કોઈ ઉતાવળીયું પગલું આ સમયમાં ન ભરવું. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. ભાગ્યવૃદ્ધિની અનેક તકો નિષ્ફળ જતી જણાય. આવક કરતાં જાવક વધુ બને. કૌટુંબિક વ્યવસ્થા બાબતે તમે વધુ ખર્ચાળ બનશો. તમારા પુરુષાર્થ અને કર્મનું ફળ હકારાત્મક ન મેળવી શકો. આર્થિક સંજોગો વિકટ બનતાં તમે કંટાળી જશો. તમને મળતી સગવડો ઝાંઝવાના જળની માફક અદશ્ય થતી જણાય. સ્થાન પરિવર્તનના યોગ બને. ભાગીદારીના વ્યવસાયિકોએ નાણાંની લેવડદેવડમાં સંભાળવું.

તા. ૧૭-૮-૨૦૧૭થી કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. જે તમારા પુરુષાર્થનું હકારાત્મક ફળ નહીં આપે. તમારા વ્યકિતત્વમાં તિરાડ પડતી જણાય. ભાઈ ભાંડુ સાથે મનદુ:ખના પ્રસંગો બને. અહીં તમને નકારાત્મક વાતાવરણમાં જીવવાની ફરજ પડશે. વ્યવસાયિક મુસાફરી કષ્ટદાયી નિવડે. સ્થાનમાં કેતુ અધૂરા કાર્યો કરાવે. ગેરકાનૂની વ્યવહારમાં સંભાળવું.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. પારિવારિક મતભેદ કે મનદુ:ખના પ્રસંગો બને. અંગત રીતે તમારી નાણાં સંબંધી જવાબદારીમાં વધારો થાય. પેટ સંબંધી શારીરિક તકલીફો રહે. વડિલ વર્ગ સાથે અણબનાવ રહે. નોકરી કરતી સ્ત્રીઓને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. અનેક પ્રયત્ન છતાં ધારી સફળતા ન મેળવી શકો. આવક કરતા ખર્ચનું પ્રમાણ વધતું રહે. ભૌતિક સુખ બાબતે અનેક વિઘ્નો અવરોધો આવે. કાનૂની સમસ્યાથી સંભાળવું.

# સંવત ૨૦૭૩નું રાશિવાર ભવિષ્ય

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અહીં તમારી મહેનત નકામી નિવડતી જણાય. તમે અભ્યાસ સંબંધી હકારાત્મક કે નકારાત્મક કોઈ નિર્ણય ન લઈ શકો. પુરુષાર્થ વધુ કરશો તો જ કંઈક મેળવી શકશો. તમારી સફળતાના પાયાને સ્થિર રાખવા તમારે વધુ કઠોર પરિશ્રમ કરવાની જરૂર જણાય. ડિગ્રી પ્રાપ્તિ માટે તમારે વધુ મહેનત કરવી પડશે. બિનજરૂરી થાકના કારણે તમે અભ્યાસ પરત્વે બેદરકાર બનશો.

## (૯) ધન રાશિ : (ભ.ધ.ફ.ઢ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા દસમા કર્મસ્થાને રહેતાં તા. ૧૨-૦૯-૨૦૧૭થી તમારા અગિયારમાં લાભ ભાવે આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા બારમા વ્યયસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતીનો પ્રથમ તબક્કો તાંબાના પાયે ચાલશે. ત. ૨૬-૧-૨૦૧૭ થી શનિ તમારી રાશિમાં આવશે. અહીં તમારે સાડાસાતીનો બીજો તબક્કો સોનાના પાયે ચાલશે. વળી તા. ૨૦-૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા બારમા વ્યયસ્થાને આવશે. અહીં તમારે રૂપાના પાયે પનોતી ચાલશે. વર્ષારંભે રાહુ તમારા નવમા ભાગ્યભાવે અને કેતુ ત્રીજા પરાક્રમ સ્થાને રહેતાં તા. ૧૭-૮-૨૦૧૭થી રાહુ તમારા આઠમા સ્થાને અને કેતુ તમારા બીજા કુટુંબ સ્થાને આવશે.

વર્ષારંભે ગુરૂ તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે ધંધા-વ્યવસાયિક પ્રગતિમાં અવરોધો છતાં આર્થિક લાભ સારો મળે. વ્યવસાયિક કાર્યોમાં મનદુ:ખના પ્રસંગો બને. ભૌતિક સમૃદ્ધિના યોગ સારા બને. સ્થાવર સંબંધી કાર્યો સારા થાય. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના યોગ સારા બને. તમે જવાબદારીથી મુકત થવાના પ્રયત્ન કરશો. સુખ ભાગ્યોદયનો અલૌકિક અનુભવ થશે. તમારા હક્ક મેળવવા માટેની યોજનાઓ પાર પડતી જણાય. બેંક, લોન કે સહાયતા સરળતાથી મેળવી શકશો. યશ-માન-કીર્તિ સારી મળે. પરિવારના સભ્યો સાથે વિવેક મર્યાદાનું ભાન રાખી વ્યવહાર કરવો. નવીન વિકાસ સંબંધી કાર્યો થવા છતાં તમે આર્થિક લાભ ન મેળવી શકો.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા અગિયારમા લાભ ભાવે આવશે. જે લાભદાયી ગણાય. સામાજિક તેમજ કૌટુંબિક યશ-માન પ્રતિષ્ઠાના યોગ બને. માંગલિક કાર્યોમાં ધનવ્યય થાય. અહમ અદેખાઈના કારણે કોઈ ખોટો નિર્ણય ન લેવાઈ જાય તેની કાળજી રાખવી. સટ્ટાકીય કાર્યોથી સંભળાવું. આવકવૃદ્ધિની તકો વધવા છતાં યોગ્ય લાભ ન મેળવી શકો. અણધાર્યા ધનલાભના યોગો બને. ખોટા વાદવિવાદથી દૂર રહેવું જરૂરી બને. સંતાન બાબતની ચિંતા ઓછી થાય. ભાઈ ભાંડુ તરફથી લાભ થાય. આર્થિક સદ્ધરતા માટેની લાભદાયક યોજનાઓ બને. લાંબી મુસાફરી કષ્ટદાયી નિવડે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થાય.

વર્ષારંભે શનિ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો તંબાના પાયે ચાલે છે. આંતરિક-શારીરિક તકલીફો વધુ રહે. આર્થિક લાભ મળવા છતાં નુકસાનના યોગ વધુ બને. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. કૌટુંબિક અપમાનના યોગ વધુ બને. વધુ પડતા લાગણીના સંબંધો તૂટે તેવા યોગ બને. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન નિષ્ફળ નિવડતું જણાય. અહીં તમે વસંતમાં પાનખરનો અનુભવ કરશો. અણગમતા વાતાવરણમાં જીવવાની તમને ફરજ પડશે. વાસ્તવિક જગતના વિષાદ અને નિરાશાનો અનુભવ કરશો.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારી રાશિમાં આવશે. અહીં તમારે સાડા સાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે ચાલશે. જે ખર્ચ અને નુકસાનના અનેક યોગ બનાવે. પ્રતિષ્ઠાને હાની થવાના યોગ બને. સામાજિક જવાબદારીમાં વધારો થાય. આવક અંગેની સ્થિતિ વિજળીના કડાકા-ભડાકા જેવી જણાશે. સામાજિક માન-મર્યાદા અને નાણાંકીય તંગીના કારણે તમે માનસિક ટેન્શનમાં રહો. આર્થિક તેમજ માનસિક રીતે તમારી પરેશાનીમાં વધારો થાય. કાનૂની તેમજ આરોગ્ય બાબતની તકલીફો રહે. અણધારી ચિંતા રહે. ધાર્મિક યાત્રા-પ્રવાસના યોગ બને. ભાઈ-ભાંડુના જીવનમાં કંઈક અશુભ બને. વડિલવર્ગની આરોગ્ય અંગેની ચિંતા રહે.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા વ્યયસ્થાને આવશે. અહીં પનોતીનો પ્રથમ તબક્કો રૂપાના પાયે ચાલશે. જે આર્થિક-માનસિક તેમજ શારીરિક તકલીફોનો સામનો કરવો પડે. તમને આર્થિક સામાન્ય મળતી સફળતાનો આનંદ બીજા લેતા જણાય. બીજા પરનો વિશ્વાસ રાખવામાં તમે નિષ્ફળ નિવડતા જણાવો કાનૂની કે લખાણ દસ્તાવેજ સંબંધી કાર્યોમાં સંભાળવું. અણધારી ચિંતાઓ વધે. આ સમયની ઘટનાઓમાં માનવીય સંબંધોના સ્વાર્થને નિહાળશો. ગમ ખાઈ જીવતા શીખશો તો કંઈક પામી શકશો. નાણાં સંબંધી નુકસાન યોગ નિશ્ચિત બને. હારેલી બાજી જીતવાના મરણીયા પ્રયાસ કરશો. નાણાં સંબંધી નુકસાનના યોગ બને.

વર્ષારંભે રાહુ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. કોઈ ઉતાવળીયું પગલું ભરવું યોગ્ય નથી. જે તમારી ભાગ્યવૃદ્ધિની તકોને નિષ્ફળ બનાવે. ધાર્મિક ભાવના ઓછી થતી જણાય. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. શારીરિક નાની મોટી તકલીફો રહે. ધાર્મિક મુસાફરી તકલીફકર્તા નિવડે. શારીરિક તકલીફોમાં વધારો થાય. આવકના પ્રમાણમાં જાવક વધુ જણાય. કૌટુંબિક દષ્ટિએ ખર્ચનું પ્રમાણ વધુ રહે. તમારા પુરુષાર્થ અને કર્મનું ફળ હકારાત્મક મળતું ન જણાય. આર્થિક સંજોગો વિકટ બને. ધાર્મિક આડંબરો વધે.

વર્ષારંભે કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે ભાઈ ભાંડુ સંબંધી તકલીફો રાખે. સાહસ પરાક્રમમાં તકલીફો આવે. મહેનતનું ફળ હકારાત્મક ન મેળવી શકો. તમારા વ્યકિતત્વ સંબંધી નુકસાન થાય. અહીં તમારા મન અને બુદ્ધિના લાગણી તંત્રનું સંતુલન તૂટી જશે. ધંધા-વ્યવસાયિક મુસાફરી કષ્ટદાયી નિવડે. ભાઈ ભાંડુ સાથે ઘર્ષણ રહે. સાહસિક કાર્યોમાં મોટું જોખમ ન થાય તેની કાળજી રાખવી.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા આઠમા સ્થાને આવશે. જે શારીરિક નાની મોટી તકલીફો રહે. ખાનપાનની અનિયમિતતા નાની મોટી ગરબડો રાખે. ભય અને નિર્ભયતાની વચ્ચે તમે સ્વસ્થ રહેવાના નિરર્થક પ્રયત્ન કરશો. ભાગીદારીના વ્યવસાયિકોને મતભેદો થાય. ગુપ્ત પ્રકારની નાણાકીય સમસ્યાઓ ઉદભવે. વ્યવસાયિક કોઈ પણ પ્રકારના વ્યવહારમાં કાળજી રાખવી. સ્વાર્થ અને નિ:સ્વાર્થના આટપાટામાં તમે અટવાયા કરશો. આરોગ્ય બાબતે ઉપાધિ રહે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો કોઈ મોટી બિમારી ઘર કરી જાય.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા બીજા ધનસ્થાને આવશે. જે પારિવારિક અશાંતિ વધારે. કૌટુબિક ધનસંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. અંગત રીતે તમારી નાણાંકીય જવાબદારીમાં વધારો થતો જણાય. ગેરકાનૂની કાર્યોમાં સપડાઈ ન જવાય તેની કાળજી રાખવી. પરિવારના સભ્યો સાથે વિચારોમાં અલગતા રહે. માનસિક રીતે તમે વધુ તકલીફો ભોગવો. પરિવાર વિભાજનના યોગ પણ બની શકે. નેત્ર સંબંધી તકલીફો ઉભી થાય.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક કૌટુંબિક અનેક તકલીફો રહે. પારિવારિક નુકસાન ભોગવવું પડે. વડિલવર્ગ સાથે અણબનાવ રહે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. શારીરિક નાની-મોટી તકલીફો રહે. ભૌતિક સુખની બાબતે અનેક વિઘ્નો આવે. અહીં તમે ત્યાગની મર્યાદા વટાવી ભોગની મર્યાદામાં પ્રવેશ કરશો. માનહાનીના પ્રસંગો બને. નોકરિયાત સ્ત્રીઓને કર્મનો બોજો વધે. તમારો સ્વભાવ ચીડીયો બને. માનસિક ટેન્શનો વધુ રહે. ભાઈ-ભાંડુ સાથે મનદુ:ખના પ્રસંગો બને.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. તમારી મહેનત પરિશ્રમ એળે જતા જણાય. અહીં તમે હકારાત્મક કે નકારાત્મક કોઈ પણ નિર્ણય ન લઈ શકો. કઠોર પરિશ્રમ જ તમારી સફળતાના પાયાને સ્થિર કરશે. ડિગ્રી પ્રાપ્તિ માટે તમારે ઘણી જ મહેનત કરવી પડશે. બિનજરૂરી થાકના કારણે તમે અભ્યાસ પરત્વે બેદરકારી દાખવશો. મંદ પાચનશકિત શારીરિક તકલીફોમાં વધારો કરે.

## (૧૦) મકર રાશિ : (ખ.જ.ક્ષ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા નવમા ભાગ્યભાવે રહેતાં તા. ૧૨-૦૯-૨૦૧૭થી તમારા દસમા કર્મસ્થાને આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. તા. ૨૬-૦૧-૨૦૧૭થી તમારા બારમા વ્યયસ્થાને આવશે. અહીં તમારે સાડાસાતીનો પ્રથમ તબક્કો ચાંદીના પાયે માથા પરથી પસાર થશે. વળી તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા અગિયારમાં લાભ ભાવે આવશે. વર્ષારંભે રાહુ તમારા આઠમા સ્થાને અને કેતુ ધનસ્થાને રહેતાં તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા સાતમા સ્થાને અને કેતુ તમારી રાશિમાં રહેશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જે મિશ્ર ફળદાયી ગણાય. તમારી જવાબદારીમાં વધારો થાય. યશ-માન પ્રતિષ્ઠાના યોગ સારા બને. વ્યવસાયિક પ્રગતિ સારી થાય. ધાર્મિક કાર્યો સારા થાય. ધાર્મિક યાત્રા-મુસાફરી સારી થાય. સ્થાવર-મિલ્કતમાં વૃદ્ધિ થાય. કૌટુંબિક તેમજ સમાજિક માન મોભો વધે. ભાઈ ભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય. ભાગ્યવૃદ્ધિની ઉજળી તકો મળે. આકસ્મિક ઘટનાઓથી સંભાળવું. તમારી પરોપકારી વૃત્તિમાં વધારો થાય. પુરુષાર્થની સફળતા માટેની તમારી મહેનત સફળ થતી જણાય. વ્યવસાયિક નવીન કાર્યો થાય. આર્થિક પ્રગતિ થાય. સંતાન અંગેની મુશ્કેલી ઉભી થાય. સામાજિક કાર્યોમાં પ્રગતિ થાય. શુભ માંગલિક કાર્યો થાય.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા દસમા કર્મસ્થાને આવશે. ધંધા-વ્યવસાયિક કાર્યો વેગવાન બને. તમે સ્વજનની મર્યાદા ઓળંગી જવાય તેવા ખર્ચાઓ કરશો. સંતાન અંગેના પ્રશ્નો ઉભા થાય. સ્થાન હાનિકર્તા હોવાથી સરળતાથી કાર્યો પૂર્ણ ન થાય. નોકરિયાત વર્ગને સહ કાર્યકરો સાથે ઘર્ષણ રહે. નવીન સાહસિક કાર્યો અંગેની પ્રેરણા મળે. મિત્ર વર્ગ દ્વારા આર્થિક લાભ સારા થાય. ધંધાકીય ધ્યેયલક્ષી મુસાફરીથી લાભ થાય. જવાબદારીથી મુકત થવાના તમારા પ્રયત્નો સફળ થતાં જણાય. વિવેક મર્યાદાનું ભાન રાખવું જરુરી બને. સ્થાવર સંબંધી કાર્યોમાં સફળતા સારી મળે.

શનિ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. અહીં તમે પુરુષાર્થનું શુભ ફળ મેળવશો. આરોગ્ય બાબતની નાની મોટી તકલીફો રહે. તમે તમારા આયોજનમાં સફળ થવા છતાં આર્થિક પ્રાપ્તિ નહીંવત થાય. પેટસંબંધી કે પાચન સંબંધી નાની મોટી તકલીફો રહે. આવક કરતા ખર્ચ વધતાં નાણાંની આવશ્યકતા વધુ રહે. નાણાં સંબંધી વ્યવહાર કે

શિવરંજની
ગાંધીનગર
"સૂર શબ્દની ઉપાસના... એક માત્ર ધ્યેય"
૧૯૭૨થી અવિરત સૂરિલા સૂર રેલાવતી
ગાંધીનગરનું પ્રથમ સાંસ્કૃતિક ટ્રસ્ટ....
સંસ્કારી અને ગુણવત્તાસભર સંગીત-સાહિત્ય... જેવાં કે લોકસંગીત, સુગમ-સંગીત, ગઝલ, ભજન, જૂના ફિલ્મી ગીતો, કાવ્યગોષ્ઠી, વ્યાખ્યાન તથા સંગીત શિક્ષણ માટે સતત ભેખધારી રહતું ટ્રસ્ટ...
આવો... ગાંધીનગરને સુરીલું બનાવીએ...
Musically Yours
વાગ્મિન બૂચ
અને
શિવરંજની પરિવાર

ઈન્ડેક્ષ્ટ-સીનું રાજયના કુટીર ઉદ્યોગ ક્ષેત્રના વિકાસમાં મહત્વનું યોગદાન
iNDEXT-c
- કારીગરોને રાજય/રાષ્ટ્રીય કક્ષાના મેળા તેમજ પ્રદર્શન મારફતે સીધા વેચાણ માટેની વ્યવસ્થા પૂરી પાડવી
- અર્બન હાટનું સંચાલન કરવું અને અર્બન હાટમાં મેળાઓનું આયોજન કરી કારીગરોને વેચાણ વ્યવસ્થા પૂરી પાડવી
- કુટીર ઉદ્યોગને લગતી વિવિધ યોજનાઓ તેમજ ઈન્ડેક્ષ્ટ-સી મારફ્તે યોજાતા મેળાઓનો પ્રિન્ટ/ઈલેક્ટ્રોનિક મીડીયા મારફતે પ્રચાર પ્રસાર કરવો
- અખિલ ભારતીય હસ્તકલા સપ્તાહ/રાષ્ટ્રીય હસ્તકલા મેળાનું આયોજન કરવું, જેમાં
  - રાજયના તમામ કારીગરોને ભાગ લેવા આમંત્રિત કરવા
  - કારીગરો દ્વારા ઉત્પાદિત વિવિધ વસ્તુઓ/પ્રોડકટનું જીવંત નિદર્શન-પ્રદર્શન ગોઠવવું
  - બેન્કીંગ સેમિનારનું આયોજન કરી કારીગરોને બેન્કની/સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપવી
  - કારીગરો માટે સ્કીલ અપગ્રેડશન માટેના સેમિનાર કરવા
  - વિવિધ ક્રાફ્ટ આધારીત થીમ પેવેલીયનો તૈયાર કરવા
- કારીગરની નોંધણી અને ઓળખકાર્ડ ઈસ્યુ કરવા
- વિવિધ નામંકીત સંસ્થાઓ જેવી કે NID/ NIFT/CEPT મારફતે સેમિનાર/વર્કશોપનું આયોજન કરી કારીગરોની કલા તેમજ તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું મુલ્યવર્ધન અને આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા
- રાજયના ઉત્કૃષ્ટ કારીગરોને સન્માન અને એવોર્ડ આપવા અંગેના સમારોહનું આયોજન કરવું






ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા કારીગરોની ઉત્પાદિત વસ્તુઓના સીધા વેચાણ માટે અમદાવાદ અને ભૂજ ખાતે શહેરી હાટની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં કારીગરોને નજીવા દરે સ્ટોલ પૂરા પાડવામાં આવે છે. વધુ જાણકારી માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરી શકાશે.

| અમદાવાદ હાટ:- | ઈન્ડેક્ષ્ટ-સી | ભુજ હાટ:- |
| --- | --- | --- |
| વસ્ત્રાપુર તળાવ પાસે, સંદેશ પ્રેસની પાછળ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>ફોન નં.(૦૭૯) ૨૬૭૬૨૧૪૫ | (ગુજરાત સરકારની સંસ્થા)<br>બ્લોક નં.૭/૧, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર, ફોન નં.૦૭૯૨૩૨૫૬૦૦૫, ફે.નં.૦૭૯૨૩૨૫૬૦૦૭<br>વેબસાઈટ:www.craftofgujarat.gujarat.gov.in<br>ઈ-મેઈલ:exdire-indext-c@gujarat.gov.in | મુન્દ્રા રોડ, ભુજ<br>ફોન/ફે.નં.(૦૨૮૩૨)૨૩૧૬૧૦ |